# SHREE VASISHTHA VIDHYALAYA, VAV.
## (Gujarati Medium/Bilingual Medium)

**“વિદ્યાધનં સર્વધનાત્ પ્રધાનમ્”**

**<u>“કેળવણી : બાળઘડતરની દીવાદાંડી …”</u>**



**શાળા દ્વારા ધો.૬ થી ૮ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના ફક્ત પપ્પાઓ માટે એક ખાસ લાગણી સભર કાર્યક્રમ…**

## <u>દરેક બાળકનાં પ્રથમ આદર્શ વ્યક્તિ તેના પપ્પા હોય છે.</u>

**શાળામાં અભ્યાસ કરતાં બાળકના વહાલાં પપ્પાને નમસ્કાર,**

બાળકોની સારસંભાળ અને શિક્ષણની મોટાભાગની જવાબદારી માતાના શિરે હોય છે.આમ પણ પપ્પા કરતાં મમ્મી જ બાળકો સાથે વધુ સમય પસાર કરે છે.પપ્પા ભલે બાળકો સાથે દિવસનો ખૂબ ઓછો સમય સાથે રહી શકતા હોય પરંતુ પપ્પાના વર્તન, વ્યવહાર અને જીવનમાંથી બાળકો પપ્પાની જાણ બહાર ઘણું બધુ શીખતાં હોય છે. બાળકના ઘડતરમાં જેટલું માતાનું મહત્વ છે તેટલું જ પિતાનું પણ મહત્વ રહેલું છે. શાળાની મોટે ભાગની મિટીંગમાં હંમેશા માતાની સંખ્યા વધુ રહે છે.

**<u>આથી શાળા દ્વારા ફક્ત પપ્પા માટે એક ખાસ મલ્ટી મીડિયા પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવ્યું છે</u>**. દરેક પપ્પા કાર્યક્રમમાં હાજર રહી શકે તે હેતુથી તેનો સમય પણ સવારનો રાખવામાં આવ્યો છે.

**PTO**

એક પિતૃવાલી તરીકે આપણે આપણા બાળકના વિકાસમાં કેવી રીતે મદદ કરી શકીએ, સમગ્ર દિવસ દરમિયાનના વ્યસ્ત સમયમાં બાળકોને કેવી રીતે સમય આપી શકીએ, આપણે બાળકોને સારી વસ્તુ નહીં શીખવીએ તો બાળકો તો આપમેળે બાહ્ય વાતાવરણમાંથી સારી અને ખરાબ બંને વસ્તુ ગ્રહણ કરવાના જ છે તો તેના કરતા બહેતર છે કે આપણે આપણા બાળકના ઘડતરમાં થોડો રસ લઈ બાળકની પ્રકૃતિને આપણને ગમે એ પ્રકારની આકૃતિ આપીએ ....



બાળકની વિનંતી...

**પપ્પા તમારા બે કલાક મારાં માટે આપશો ને...!**

## <u>કાર્યક્રમની વિગત</u> :-

- ❖ વિષય : પ્યારે પાપા
- ❖ તારીખ : 07/03/2025 ને શુક્રવાર
- ❖ સમય : સવારે 8 : 30 am to 10:00 am
- ❖ સ્થળ : શ્રી વસિષ્ઠ વિદ્યાલય ,વાવ. ( હાયર સેકન્ડરી બિલ્ડીંગ ઓડિટોરિયમ હોલ )

વકતા : ડૉ.પરેશભાઈ સવાણી (એજ્યુકેશનલ ઍડવાઈઝર ,વસિષ્ઠ ગ્રૂપ ઓફ સ્કૂલ)

➢ **નોંધ :- કાર્યક્રમ સમયસર શરૂ થઈ જશે તેથી દરેક પિતાએ કાર્યક્રમ સ્થળ પર સવારે 8:15 કલાકે ફરજિયાત પોતાનું સ્થાન મેળવી લેવા વિનંતિ.**

**આપણા માટે આ એક દિવસ કદાચ નવરાત્રીના નવ કે દિવાળીના એક દિવસ કરતાં પણ વધુ ઉપયોગી છે અને તેથી અમને ચોક્કસ વિશ્વાસ છે કે આપ એક જાગૃત પિતા તરીકે આ કાર્યક્રમમાં સમયસર ઉપસ્થિત રહેશો.**